જુનિયર કલાર્ક (વર્ગ-૩). મુખ્ય પરીક્ષા (તબક્કો-૨)ની MCQ પ્રકારની લેખિત પરીક્ષા માટે સુચનાઓ.

સૂચનાઓ :–

૧. પરીક્ષા માટે ઉમેદવારે સ્વખર્ચે આવવાનું રહેશે. ઉમેદવારે પોતાના બે પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે હાજર રહેવું.

૨. નિયત સમય પહેલાં એક કલાક અગાઉ જણાવેલ સ્થળે હાજર રહી નિયત પત્રકમાં સહી કરવાની રહેશે.

૩. ઉમેદવારની નિમણુંક ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી ની એન.ઓ.સી.કવટ/ isc૩ / એન.ઓ.સી. / ૨૦૨૩–૨૪ / ૨૦૫૮૨ –૮૭, તારીખ ૧૦/૧૦/૨૦૨૩ ની શરતને આધિન રહેશે.

૪. પરીક્ષા દરમ્યાન કોઈપણ પ્રકારની ગેરરીતી ધ્યાનમાં આવશે તો તે ઉમેદવાર સંપૂર્ણ ગેરલાયક ઠરાવવામાં આવશે.

૫. પરીક્ષા દરમ્યાન કોઈપણ પ્રકારના ઈલેકટ્રીક ઉપકરણો, મોબાઈલનો ઉપયોગ કરવો નહિ. અને પરીક્ષાખંડમાં સાથે રાખવા નહી.

૬. દરેક ઉમેદવારે ફોટો આઈ.ડી. સાથે લાવવું ફરજીયાત છે અન્યથા પરીક્ષા ખંડમાં દાખલ થવા દેવામાં આવશે નહી.

૭. જવાબો લખવા માટે ઉમેદવારે માત્ર બ્લેક અને બ્લ્યુ પેનનો ઉપયોગ કરવાનો રહેશે. અન્ય કોઈપણ પ્રકારની પેન કે પેન્સિલનો ઉપયોગ O.M.R. શીટમાં કરવો નહી.

૮. આ મુખ્ય પરીક્ષા (તબકકો –૨ )ની લેખિત પરીક્ષાનું માળખું અને અભ્યાસક્રમ " ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર"ના પ્રસ્થાપિત નિયમો મુજબ રહેશે.

૯. મુખ્ય પરીક્ષા (તબકકો –૨)ની લેખિત પરીક્ષા MCQ પ્રકારના પ્રશ્નોની રહેશે. જેમાં ૨૦૦ પ્રશ્નોના પ્રશ્નદીઠ ૦૧ (એક) ગુણ લેખે કુલ ૨૦૦ ગુણની પરીક્ષા રહેશે.

૧૦. પરીક્ષાનો સમય ૧૨૦ મિનિટનો રહેશે. ઉમેદવારે બધા પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.

૧૨. ખોટા જવાબદીઠ, છેકછાકવાળા જવાબદીઠ કે એક કરતાં વધુ વિકલ્પ પસંદ કરેલા જવાબદીઠ, મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે. નેગેટીવ માર્કીંગ પધ્ધતિ લાગુ પડશે.

૧૩. દરેક પ્રશ્ના જવાબમાં એક વિકલ્પ " E " " Not Attempted " રહેશે. ઉમેદવાર કોઈ પ્રશ્નનો જવાબ આપવા ન ઈચ્છતા હોય તો આ વિકલ્પ પસંદ કરી શકાશે અને" Not Attempted "વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કીંગ લાગુ પડશે નહી.

૧૪. પ્રશ્નના આપેલ બધા વિકલ્પમાંથી કોઈપણ વિકલ્પ પસંદ નહીં કરવામાં આવે તો મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી (નેગેટીવ માર્કીંગ) કરવામાં આવશે.

૧૫. ઉમેદવારોએ પોતાના તમામ ઓરીજનલ ડોકયુમેન્ટ તેમજ ઝેરોક્ષના ૨ સેટ સાથે લઈ ને આવવું.

૧૬. ભરતી અને પરીક્ષા સંબંધિત અપડેટ અને વધુ વિગતોમાટે સંસ્થાની વેબસાઈટ www.vidyamandir.org જોતા રહેવું.